# જિલ્લામાં ૪૫ સરકારી પ્રાથમિક શાળા અને ૧૬ માધ્યમિક શાળા (ગ્રાન્ટેડ) પાસે મેદાનની સુવિધા આજે પણ નથી

## ગેરકાયદે વૃક્ષછેદન કરતાં બે વર્ષમાં ૭૭ ઈસમો પકડાયા : વનમંત્રી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં વિદ્યાર્થીનીઓને ૨૦૧૩-૧૪ માં અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ અંગે ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૭૩ વિદ્યાર્થીનીઓને આ બોન્ડ આપવામાં આવ્યા છે.

આ માટેના બોન્ડની રકમ રૂ. ૭,૪૬,૦૦૦ થાય છે તેમ પણ શિક્ષણમંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● કન્યાઓ માટે શૌચાલયો**

કોંગીના ધારાસભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળામાં કન્યાઓ માટે શૌચાલયની સુવિધા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૫૯૮ પ્રા. શાળાઓમાં કન્યાઓ માટે શૌચાલયો બનાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું છે કે હવે એક પણ પ્રા. શાળામાં કન્યાઓ માટે અલગ શૌચાલય બનાવવાની કામગીરી બાકી નથી.

કન્યાઓ માટે દહેગામ તાલુકાની ૨૧૭, ગાંધીનગર તાલુકાની ૧૭૨, કલોલની ૧૧૩ અને માણસા તાલુકાની ૯૬ શાળાઓમાં શૌચાલયો બાંધવામાં આવ્યા છે તેમ પણ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો**

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં ડિગ્રી ઈજનેરી કોલેજો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે જિલ્લામાં સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર ૧૧ ઈજનેરી અભ્યાસક્રમની કોલેજો આવેલી છે.

આ કોલેજોની મંજૂર થયેલી બેઠકોની સંખ્યા ૬૩૯૦ છે તેમ પણ શિક્ષણમંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યું છે કે ૨૦૧૩ના શૈક્ષણિક વર્ષમાં આ કોલેજોની ૫૬૨૭ બેઠકો ભરાઈ હતી અને ૭૬૩ બેઠકો ખાલી રહેવા પામી હતી.

**● પ્રાથમિક સુવિધા**

કોંગીના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હોય તેવી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૪૫ સરકારી પ્રાથમિક શાળાઓ પાસે મેદાનની સુવિધા નથી. તો ૧૬ માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓ પાસે પણ મેદાનની સુવિધા નથી. એક ગ્રાન્ટેડ માધ્યમિક શાળા પાસે શૌચાલયની સુવિધા પણ નહિ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે પ્રાથમિક શાળાઓમાં જમીનની ઉપલબ્ધિ થયેથી મેદાનની વ્યવસ્થા કરાશે. જ્યારે બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ રમતનું મેદાન, પાણીની વ્યવસ્થા તથા શૌચાલયની વ્યવસ્થા જાતે ઉભી કરવાની હોઈ તે અંગે જરૂરી સુચનાઓ તાત્કાલિક આપવામાં આવશે.

**● સ્મશાનની સગડી**

કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સ્મશાનની સગડી આપવામાં આવી તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૦ સગડીઓ આપવામાં આવી છે.

**વૃક્ષછેદન માટે ૧૨,૭૭૧ વૃક્ષોની મંજૂરી આપવામાં આવી છે : ૫૯૮ પ્રા. શાળામાં કન્યાઓ માટે અલગ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે**

આ સગડીઓ ગાંધીનગર તાલુકાના ગલુદણ, વાસન અને પોર ગામમાં કલોલ તાલુકાના ભાઉપુરા અને સોજા ગામમાં માણસા તાલુકાના સમી હિંમતપુરા, ચરાડા તેમજ દહેગામના ભાદરોડ અને નવાનગરમાં આપવામાં આવી છે.

સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે સગડી દીઠ ગ્રામ પંચાયત પાસેથી કોઈ રકમ ફંડ પેટે લેવામાં આવતી નથી. રાજ્ય સરકાર આ સગડીઓ વિનામૂલ્યે પુરી પાડે છે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાંથી ૨૦-૧૨-૧૩ માં ૨૦ અને ૨૦૧૩-૧૪ માં ૨૬ અરજીઓ મળી છે. અગાઉની ૯ અરજીઓ પેન્ડીંગ છે જે ઉમેરાતાં કુલ ૫૫ ગ્રામ પંચાયતોની

● અનુસંધાન પાન-૭ પર



શિક્ષક સૌમ્ય જોષી - ગાંધીનગર કલ્ચરલ ફોરમ સંચાલિત સ્કૂલ ઓફ એક્ટીંગમાં ગુજરાતના જાણીતા નાટ્ય કલાકાર, દિગ્દર્શક અને કવિ સૌમ્ય જોષી તાલીમાર્થીઓને નાટકના વિવિધ પાસાઓની સરળ ભાષામાં સમજણ આપી હતી.

# પત્નીએ પતિને ખર્ચ તરીકે ૧૦ હજાર ચુકવવા કોર્ટનો આદેશ

## પત્નીની ક્રુરતાથી ત્રસ્ત પતિના છૂટાછેડાની અરજી કોર્ટે મંજુર રાખી : ગાંધીનગર ફેમિલી કોર્ટનો ઐતિહાસિક ચુકાદો : અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા બન્ટીના ઓપરેશનનો ખર્ચ સચિન તેન્ડુલકરે ઉઠાવ્યો હતો

ગાંધીનગર, તા.૧૮

પતિને શારીરિક-માનસિક ત્રાસ આપી ક્રૂરતા ગુજારતી પત્નીથી છૂટાછેડા મેળવવાની પતિની અરજી ગાંધીનગર કોર્ટે મંજુર કરી છે જયારે પત્નીએ પતિને રૂ. ૧૦ હજાર ખર્ચ તરીકે ચુકવવાનો ઐતિહાસિક ચુકાદો આપ્યો છે.

આ કેસની વિગત એવી છે કે સે-૨૨ ખાતે રહેતા દલવીરસીંગ ઉર્ફે બન્ટી જગપાલસિંગ ગીલના લગ્ન તા. ૧૦ ફેબ્રુઆરી વર્ષ ૨૦૦૬ના રોજ રાજવિન્દર કોર સાથે થયા હતા. આ પૂર્વે વર્ષ ૨૦૦૨ દરમિયાન નદીપાર હાઈવે પર દલવીરસીંગ ઉર્ફે બન્ટીનો ભયંકર અકસ્માત થયો હતો. જયારે આ અકસ્માતમાં બન્ટીને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ દરમિયાન ઈજાગ્રસ્ત બન્ટીના ઓપરેશનનો ખર્ચ પણ ક્રિકેટર સચિન તેંડુલકરે ભોગવ્યો હતો. પરંતુ પત્નીના ત્રાસથી દલવીરસીંગ ઉર્ફે બન્ટીનું લગ્નજીવન દોઝખ બની ગયું હતું. પથારીવશ પતિની સેવાચાકરી કરવાના બદલે બન્ટીની પત્ની તેને શારિરીક-માનસિક ત્રાસ આપતી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત બન્ટી પગે ચાલી શકતો ન હોવાથી વોકરનો ઉપયોગ કરતો હતો. આ દરમિયાન દલવીરસીંગને તેની પત્ની જમવાનું તેમજ દવાઓ પણ સમયસર આપતી ન હતી અને તેને એક રૂમમાં કેદ રાખતી હતી. આ મામલે મહીલા પોલીસ અધિકારી અનિલાબેન બ્રહ્મભટ્ટે દલવીરસીંગના ઘરે રૂબરૂ તપાસ કરીને તેમને બંધ રૂમમાંથી મુકત કરાવ્યા હતા. જયારે પત્નીની ક્રૂરતાથી ત્રસ્ત પતિએ ગાંધીનગરની કોર્ટમાં પત્નીથી છૂટાછેડા મેળવવા અરજી દાખલ કરી હતી. આ કેસ ફેમીલી કોર્ટમાં ચાલી જતા અરજદાર તરફના વકીલ તરીકે ભરત મે. રાવલ તેમજ ક્રિષ્ના બી. રાવલે દલીલો કરી હતી. જે દલીલો તેમજ સુપ્રીમકોર્ટના માર્ગદર્શક ચુકાદાઓ ધ્યાને લઈ જજ ડી.ટી. સોનીએ પતિના છુટાછેડાની અરજી મંજુર કરી હતી તેમજ પત્નીને રૂ. ૧૦ હજાર ખર્ચ તરીકે ચુકવવાનો હુકમ કર્યો છે.

## ખૂણે... ...ખાંચરેથી

- સ્વામિનારાયણ સંપ્રદાયના વડા પૂ. પ્રમુખસ્વામી મહારાજ આગામી ૨૬મીએ ગાંધીનગર અક્ષરધામમાં આવી રહ્યા છે. તેઓ અહિંથી જ વિદેશ પ્રવાસે જવા રવાના થશે.
- સોમવારે વિધાનસભામાં પત્રકારોએ સ્વખર્ચે ભોજન સમારોહનું આયોજન કર્યું છે.
- સહયોગ ભવનમાં સ્થળાંતરિત થયેલ કચેરીઓ નેબ સુવિધાઓનો સામનો કરવો પડી રહ્યો છે.
- આદિવાડા ખાતે આજે મહાનગરપાલિકા દ્વારા વાનગી સ્પર્ધાનું આયોજન કરાયું હતું.
- ચોમાસુ શરૂ થતાં જ સરકારી કચેરીઓમાં પાણી લીકેજીસની ફરિયાદો વધતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.
- સ્વર્ણિમ સંકુલની આસપાસ પાણીના નિકાલની પુરતી વ્યવસ્થાના અભાવે પાણીની સફાઈ માટે સફાઈ કામદારોને વિશેષ જવાબદારી સોંપાઈ હતી.



ચોમાસાનું બજાર - વરસાદના આગમનના પગલે છત્રી અને રેઈનકોટના વેચાણમાં વધારો થયો છે... વરસાદ સામે રક્ષણ મેળવવા રેઈનકોટને અગ્રતા અપાય છે... આમ છતાં જેમને ચાલીને ઓફીસ કે દુકાને જવાનું હોય તેઓ છત્રીને પસંદ કરે છે... આજકાલ નાના બાળકોને રંગબેરંગી છત્રી લઈ શાળાએ જવું ગમે છે... આમ ચોમાસાના બજારમાં એકાએક ઉછાળો આવ્યો છે...
(તસવીર : કશ્યપ નિમાવત)

# સાહિત્યકાર ભાનુપ્રસાદ પુરાણીના અમૃતપર્વ નિમિત્તે અભિવાદન સમારોહ

## મધપૂડો સૂરજ વરણો અભિયાન ગ્રંથનું વિમોચન કરાશે

ગાંધીનગર, તા. ૧૮

શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવાને સમર્પિત ભાનુપ્રસાદ પુરાણીના અમૃતપર્વની ઉજવણી અન્વયે તા. ૨૦ જુલાઈના રોજ સે. ૨૩ કડી કેમ્પસ ખાતે સ્થિત ખીમજી વિશ્રામ હોલમાં સાંજે ૪ કલાકે એક અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે મધપૂડો-સૂરજવરણો ગ્રંથનું વિમોચન કરવામાં આવશે.

શિક્ષણ, સાહિત્ય અને સમાજ સેવા ક્ષેત્રે આગવુ યોગદાન પ્રદાન કરનારા નગરના અગ્રણી ભાનુપ્રસાદ પુરાણીના અમૃતપર્વની ઉજવણી કરવામાં આવનાર છે. આ અમૃતપર્વ ઉજવણી સમિતિના અધ્યક્ષ ડૉ. કરશનદાસ સોનેરીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે જાણીતા સાહિત્યકાર ભાનુભાઈ પુરાણીનો જન્મ તા. ૧ જુલાઈ વર્ષ ૧૯૩૯ માં ગોમટા ખાતે થયો હતો. તેઓ ૧૯૬૧માં પંચમહાલ પી.ટી.સી. કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. ત્યારબાદ સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક અને આચાર્ય તરીકે નોકરી કર્યા બાદ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી તરીકે જવાબદારી નિભાવી હતી. આ ઉપરાંત તેમણે સાહિત્યક્ષેત્રે પણ ટહુકાનુ એકાંત સહીત ૨૦૦ ઉપરાંત કાવ્યો,

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભા ગૃહની કાર્યવાહી જોવા આવેલા બાળકોને જોતા આનંદીબેન પરિસરમાં જ થંભી ગયા

શિક્ષક કદી નિવૃત્ત થતો નથી, શિક્ષકનો આત્મા સદાય શિક્ષક જ રહે છે...એ ઉકિત આજે ગુજરાત વિધાનસભા પરિસરમાં મુખ્યમંત્રી કાર્યાલય નજીક ચરિતાર્થ થઈ. જયારે, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ વિધાનગૃહની કાર્યવાહિ જોવા આવેલા શાળાના વિદ્યાર્થીઓ પાસે શિક્ષક સહજ વિદ્યાર્થી -મથી અચાનક પહોંચી ગયા અને બાળકો સાથે તેમના અભ્યાસ તેમજ વિધાનસભા અંગે રસ-દ સંવાદ કર્યો. ગાંધીનગર જિલ્લાના સરઢવની બી. પી. પટેલ સ્કુલ અને બનાસકાંઠાના પાલનપુરની શ્રીરામ વિદ્યાલયના બાળકો આજે ગૃહની -શ્નોત્તરી નિહાળી બહાર નીકળ્યા ને કતારબધ્ધ જતા હતા ત્યાં જ વિધાનગૃહથી મુખ્યમંત્રી કાર્યાલય તરફ જવા નીકળેલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પોતે પણ પરિસરમાં આ બાળકો વચ્ચે કોઈ પણ પૂર્વનિર્ધારીત કાર્યક્રમ વિના પહોંચી ગયા.

# જિલ્લાની માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૬૯ વિષય શિક્ષકોની ઘટ

## વર્ષ ૨૦૧૦-૧૧માં શિક્ષકોની એક પણ જગ્યા ખાલી ન હતી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના મંજૂર મહેકમ સામે ૬૯ જેટલા વિષય શિક્ષકોની ઘટ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. વર્ષ ૨૦૦૮-૦૯ દરમિયાન એક પણ શિક્ષકની ઘટ ન હતી જયારે હાલ બિન સરકારી ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે.

શિક્ષણ ક્ષેત્રે પ્રાથમિક સુવિધાઓ તેમજ શૈક્ષણિક સ્ટાફના અભાવ વચ્ચે વિદ્યાર્થીઓનું શિક્ષણ રૂંધાઈ રહ્યું હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગાંધીનગરની સરકારી શાળાઓમાં પણ શિક્ષકોની ઘટનો પ્રશ્ન ચિંતાનો વિષય બનતા વિદ્યાર્થીઓના ભાવિ સામે પ્રશ્ન મંડરાયો છે. શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા અને પરિણામની ટકાવારી સુધારવાના પ્રયાસો હાથ ધરાયા છે ત્યારે ઘણી ખરી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓના અભાવ વચ્ચે શિક્ષકોની ઘટનો પ્રશ્ન લાંબા સમયથી શિરદર્દ રૂપ બન્યો હોવાની સ્થિતિ સર્જાઈ છે. વિધાનસભાના સત્ર દરમિયાન માણસાના ધારાસભ્ય અમિત ચૌધરીએ શિક્ષણમંત્રીને ગાંધીનગર જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર મહેકમ સામે વિષય શિક્ષકોની ઘટ અંગે પ્રશ્ન પુછયો હતો. જેના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૮-૦૯ અને વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન એક પણ શિક્ષકની ઘટ ન હતી જયારે વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૬ અને ૨૦૧૩-૧૪માં ૬૯ શિક્ષકોની ઘટ છે જયારે શિક્ષકોની ખાલી જગ્યા ઝડપભેર ભરવા માટે ભરતી પ્રક્રીયા ચાલુ હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

# બે વર્ષ દરમિયાન જિલ્લામાં ૧૨૭૧૧ વૃક્ષો કાપવાની મંજુરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમિયાન ૧૨૭૧૧ વૃક્ષો કાપવા માટે વનવિભાગે મંજુરી આપી છે. જયારે આ પૈકી ગાંધીનગર તાલુકામાં મહત્તમ ૬૬૯૮ વૃક્ષો કાપવા મંજુરી અપાઈ છે.

એક જમાનામાં ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગર શહેરમાં વિકાસના નામે સંખ્યાબંધ વૃક્ષો કાપવામાં આવે છે. હરિયાળા વૃક્ષોના સ્થાને પહોળા થતા રસ્તાઓ તેમજ બિલ્ડીંગો અસ્તિત્વમાં આવી રહ્યા છે. જેના પરિણામે ગ્રીનસીટી

● અનુસંધાન પાન-૭ પર

વિદ્યા લાયબ્રેરી રજતજયંતિ વર્ષ નિમિત્તે યોજે છે.
CELEBRATING 25 Years
**અઢારમો ભવ્ય પુસ્તક મેળો**
તા. ૨૦,૨૧ જુલાઈ રવિ-સોમ, ૯ થી ૫
ધોરણ ૫ થી ૧૨ ના
"કોઈપણ પુસ્તક માત્ર રૂપિયા ૧૦/- માં"
જેમાં આપને મળશે - જુના અને નહીવત ડીફેક્ટીવ પુસ્તકો, પાઠ્યપુસ્તકો, ગાઈડો, અપેક્ષીતો, પેપરસેટ, પ્રેક્ટીસવર્ક તથા પરીક્ષાલક્ષી સંપૂર્ણ મટીરીયલ્સ
ભવ્ય ઓફર | ડીક્ષનરી : OXFORD - GALA | ભવ્ય ડિસ્કાઉન્ટ
ચોપડા : સ્પે. ચોપડા માત્ર ₹ 10/- ; 1 ડઝનના ₹ 120, 150, 180 થી વધુ
કાગળ : 1 પેકેટ ₹ 25, 30, 50, 60 ; પૂરવણી (૫૦ નંગ) ₹ 80 / ₹ 150
અડધી કિંમતે G.P.S.C. ધાર્મિક, વ્રત કથાઓ, મહેંદી, બાળવાર્તા, જનરલ નોલેજ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના પુસ્તકો
₹ 40/- પેનબોક્સ (નંગ-૨૦) | Diploma ₹20/-, ડિગ્રી ₹50/- LL.B. સજેશન ₹20/-
તારીખ : ૨૦, ૨૧ - જુલાઈ - ૨૦૧૪ રવિ-સોમ સમય સવારે : ૯ થી સાંજે ૫
**વિદ્યા લાયબ્રેરી**
વિદ્યા શોપીંગ સેન્ટર, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : 079- -232 29575 (M) 98250 18575, 98795 29575
ખાસ નોંધ : મેળામાં કોઈએ બેગ, થેલા, સાધન સાથે લાવવા નહિ, તેની જવાબદારી અમારી રહેશે નહિ.

Y.A. MANSURI M. : 9824049503
SANJAY S. SHAH P. Manubhai Medical
Since 1986
अभय
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુકત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT | KisaN | ashirvad C. PVC, UPVC | VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com